ઉત્રાણ પો.સ્ટે.ના મોટર સાયકલ ચોરીના ગુનામા ચોરી કરેલ મો.સા. સાથે કાયદાના સંઘર્ષમા આવેલ ત્રણ બાળકિશોરોને પકડી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી, સુરત શહેર વરાછા પોલીસ.

વરાછા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો આજરોજ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે વરાછા વૈશાલી ત્રણ રસ્તા પાસેથી કાયદાના સંઘર્ષમા આવેલ ત્રણ બાળકિશોરોને કાળા કલરનું હિરો કંપનીનું પેશન પ્રો મો.સા. જેની આગળ પાછળ નંબર પ્લેટ નથી. તથા તેનો એન્જીન નં. HA10ACJ5C01060 તથા ચેસિસ નં. MBLHAR184J5C01061 નો છે. જેની કિં.રૂ ૨૫,૦૦૦/- ગણી શકાય સાથે પકડી પાડી તેમની પુછપરછ દરમ્યાન સદર ઉપરોક્ત મોટર સાયકલ મોટા વરાછા હંસ સોસાયટી પાસેથી ચોરી કરેલાનું જણાવેલ હોય સદર મો.સા. ચોરી થવા બાબતે ઉત્રાણ પોલીસ સ્ટેશન A ગુના રજી.નં. ૧૧૨૧૦૦૬૫૨૨૦૧૪૫/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯ નો ગુનો નોંધાયેલ હોય કાયદાના સંઘર્ષમા આવેલ ત્રણ બાળકિશોરો પાસેથી ચોરી કરેલ મોટર સાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

શોધી કાઢેલ ગુનાની વિગત (૧) ઉત્રાણ પોલીસ સ્ટેશન A ગુના રજી.નં. ૧૧૨૧૦૦૬૫૨૨૦૧૪૫/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ-૩૭૯.